પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૫ | ૨૬ ડિસેમ્બર, ૨૦૧૮, બુધવાર; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**૨૦ રૂ.ની નવી નોટ ટૂંક સમયમાં**

ભારતીય રીઝર્વ બેંક દ્વારા ટૂંક સમયમાં ૨૦ રૂ.ની નવી નોટ બહાર પાડવામાં આવશે. આ નોટ પર અજંતાની ગુફાનો ફોટો છાપવામાં આવશે.

**સિવિલ સર્વિસમાં ઉંમર સીમા નહીં ઘટે**

કેટલાક સમય પહેલા નીતિ આયોગે કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલ્યો હતો કે સિવિલ સેવા પરીક્ષા માટે ઉમેદવારોની ઉંમરની સીમા ઓછી થવી જોઈએ. પરીક્ષા આપવા માટે અગાઉ ઉંમરની સીમા ૩૦ હતી જે ઘટાડીને ૨૭ વર્ષ કરવા રજુઆત કરાઈ હતી.

**મનાલીમાં જોરદાર હિમવર્ષા**

હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારો સીમલા, કુલુ અને મનાલીમાં નવેસરથી બરફવર્ષા થઈ છે. મનાલીના તો માર્ગો પર બરફની ચાદર છવાઈ જતાં પર્યટકો ખુશખુશાલ થઈ ગયા છે. અહીં તાપમાન શૂન્ય ડીગ્રીની નીચે નોંધાયું છે.

**સ્વાસ્થ્યના કારણોસર ભારત નહીં આવી શકું : મેહુલ ચોકસી**

પંજાબ નેશનલ બેંકને અરબો રૂપિયાનો ચૂનો લગાવી ભાગી ગયેલા મેહુલ ચોકસીએ ઈડીની અરજીને રદ કરવા ૩૪ પાનાનો જવાબ મોકલ્યો છે. ધીમી તપાસ અને પોતાની સંપત્તિઓની ઓછી કિંમત આંકવી જેવી બાબતો પર વાંધો ઉઠાવાયો છે. તેઓએ પોતાનું સ્વાસ્થ્ય સારું ન હોવાનું જણાવી ભારત પરત આવવાનો ઈન્કાર કર્યો છે.

# કાતિલ ઠંડીના પગલે જનજીવન ઠપ્પ

## શ્રીનગરમાં ૧૧ વર્ષની સૌથી વધારે ઠંડી : ધુમ્મસના કારણે ટ્રેન, વાહન વ્યવહાર તેમજ વિમાન સેવા ખોરવાઇ



નવી દિલ્હી,તા. ૨૫

દેશના ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન સહિત સમગ્ર ઉત્તર ભારતના રાજ્યોમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે જનજીવન ખોરવાઇ ગયુ છે. આ રાજ્યોમાં લઘુતમ તાપમાન છેલ્લા બે સપ્તાહમાં સામાન્ય કરતા નીચે પહોંચી ગયુ છે. તાપમાનમાં વધુ ઘટાડો થઇ શકે છે. પંજાબના અમૃતસર અને આદમપુરમાં પારો શુન્યથી નીચે પહોંચીને ૦.૪ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. જમ્મુ કાશ્મીરનાના પાટનગર શહેર શ્રીનગરમાં ૧૧ વર્ષમાં સૌથી વધારે ઠંડી નોંધાઇ છે. અહીં લઘુતમ તાપમાન માઇનસ ૬.૮ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયુ છે. વિશ્વ પ્રસિદ્ધ દાવ લેકમાં બરફ જામી ગઇ છે. કેટલાક નિવાસ વિસ્તારોમાં પાણીના નળમાં પાણી જામી જતા મુશ્કેલી સર્જાઇ ગઇ છે. હાલમાં જમ્મુ કાશ્મીર અને અન્ય ભાગોમાં પારો નીચે રહી શકે છે. પંજાબ અને હરિયાણામાં પણ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઘટી ગઇ છે. ઠંડીની સાથે સાથે ધુમ્મસની ચાદર ચારેબાજુ ફેલાઇ જવાના કારણે વાહન વ્યવહારને માઠી અસર થઇ છે. દિલ્હીમાં વિમાનીમથકે તમામ ફલાઇટોને એક કલાક સુધી રોકી

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ-ડિઝલના ભાવ સૌથી નીચી સપાટીએ પહોંચ્યા

**પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ વધુ સાત પૈસાનો ઘટાડો કરાયો**

**ડિઝલની કિંમત યથાવત રાખવા માટે નિર્ણય કરાયો**



નવી દિલ્હી,તા. ૨૫

પેટ્રોલની કિંમતો હવે વર્ષ ૨૦૧૮ની સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે જ્યારે ડિઝલની કિંમતો પણ માર્ચ મહિના બાદથી સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. આના કારણે સામાન્ય લોકોને મોટી રાહત મળી ગઈ છે. મેટ્રો શહેરો અને અન્યત્ર પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ સાત પૈસાનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે જ્યારે ડીઝલની કિંમતો સોમવારની સરખામણીમાં આજે કોઈ ફેરફાર કર્યા વગર યથાવત રાખવામાં આવી હતી. પેટ્રોલ અને ડિઝલની કિંમતોની હાલમાં દરરોજના આધાર પર સમીક્ષા કરવામાં આવી રહી છે. વહેલી સવારે નવી કિંમતોને અમલી કરવામાં આવી રહી છે.

ડિઝલની કિંમત ૧૮મી માર્ચ બાદથી સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. વૈશ્વિક તેલ કિંમતો એક વર્ષના ગાળામાં સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. બેંચમાર્ક બ્રેન્ટમાં પણ કિંમતો ઘટી છે. ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં તેમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે. શેરબજારમાં જુદા જુદા પરિબળોની અસર જોવા મળી રહી છે. રૂપિયો સોમવારના દિવસે ૭૦.૧૪ની સપાટીએ રહ્યો હતો. આ વર્ષે ડોલર સામે રૂપિયામાં ૯.૮ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે.

# દેશના સૌથી લાંબા રેલ-માર્ગ પુલનું ઉદ્‌ઘાટન

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું : ઈમરજન્સીમાં યુદ્ધ વિમાન પણ ઉતરી શકશે : પ્રોજેક્ટમાં વિલંબના લીધે ૮૫ ટકા ખર્ચ વધ્યો : સુરક્ષાની દૃષ્ટીએ રેલ-માર્ગ પુલ ઉપયોગી સાબિત થશે**

ડિબ્રુગઢ,તા. ૨૫

આસામમાં બ્રહ્મપુત્ર નદી પર બનેલા સૌથી મોટા અને લાંબા રેલ-રોડ બ્રિજનું આજે વડાપ્રધાન મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પુલના કારણે અરૂણાચલ અને ચીનની સરહદથી જોડાયેલા અન્ય પ્રદેશોમાં અવર જવર સરળ બનશે. ધેમાજી ડિસ્ટ્રીક્ટ અને ડિબ્રુગઢ જિલ્લા વચ્ચે બનેલા રેલ-રોડ બ્રિજના ઉદ્‌ઘાટન બાદ મોદીએ આ અંગે વાત કરી હતી. ડિબ્રુગઢમાં સૌથી લાંબા રેલ-માર્ગ પુલનું ઉદ્‌ઘાટન કરાયું છે. મોદી ખુલ્લી જીપમાં આ પુલ ઉપર ફર્યા હતા. બ્રહ્મપુત્ર નદી પર બોગી બિલમાં બનેલી ૪.૯૪ કિમી લાંબી અને વ્યૂહાત્મક દ્રષ્ટીએ ઉપયોગી આ પરિયોજના આસામના લોકોને જ નહીં બલ્કે દેશના લોકોને રાહત આપશે. સુરક્ષા માટે પણ ઉપયોગી સાબિત થશે. અગ્રીમ મોરચા ઉપર લશ્કરી

● અનુસંધાન પાન-૭ પર



# મધ્યપ્રદેશ મંત્રીમંડળનું વિસ્તરણ ૨૮ નવા મંત્રીઓનો શપથવિધિ

**જુથ અને ક્ષેત્રની દૃષ્ટીએ સંતુલન જાળવવા પ્રયાસ : માલવા-નિમાડમાંથી સૌથી વધુ નવ ધારાસભ્યોએ શપથ લીધા : કમલનાથ છાવણીના ૨૧ ધારાસભ્ય પ્રધાન બન્યા**



ભોપાલ,તા. ૨૫

મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન કમલનાથના નેતૃત્વમાં કેબિનેટમાં ૨૮ને પ્રધાન બનાવવામાં આવ્યા છે. રાજભવનના લોનમાં આયોજિત શપથવિધી કાર્યક્રમમાં રાજ્યપાલ આનંદીબેન પટેલે તમામ પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યાહતા. ૧૧મી ડિસેમ્બરના દિવસો મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન તરીકે ૧૭મી ડિસેમ્બરના દિવસે શપથ લીધા હતા. ત્યારબાદથી મંત્રીમંડળની રચનાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. આખરે આજે કેબિનેટની રચના કરવામાં આવી હતી. નવા રચવામાં આવેલા પ્રધાનમંડળમાં સંતુલન જાળવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા છે. મંત્રીમંડળમાં કોંગ્રેસના

● અનુસંધાન પાન-૭ પર

## છત્તીસગઢમાં પણ નવ મંત્રીઓનો શપથગ્રહણ

રાયપુર,તા.૨૫

છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલના કેબિનેટ મંડળની રચના મંગળવારે થઈ ચૂકી છે. બઘેલ સરકારની કેબિનેટમાં ૯ અન્ય મંત્રીઓ સામેલ થયા છે. રાયપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં આયોજીત શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ આનંદીબેન પટેલે તમામ નવા મંત્રીઓને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. જો કે આ પહેલા ૧૭ ડિસેમ્બરે બઘેલે મુખ્યમંત્રી પદ માટે લીધી હતી. તેમની સાથે કોંગ્રેસના વરિષ્ઠ નેતા ટી.એસ. સિંહદેવ અને તામ્રધ્વજ સાહુએ મંત્રી પદના શપથ લીધા હતા.

## સ્નાઈપિંગ હુમલાનો જવાબ અપાશે : સેનાનો સંકેત

**સરહદે સ્નાઇપર્સની સહાયથી ભારતના જવાનોને ટાર્ગેટ બનાવવાના પાકિસ્તાનના કૃત્યો જારી રહેતા સેના નારાજ**

નવી દિલ્હી,તા. ૨૫

સરહદ પર સ્નાઈપર્સની મદદથી ભારતના જવાનોને ટાર્ગેટ બનાવવાના કૃત્યો પાકિસ્તાન દ્વારા જારી રાખવામાં આવ્યા છે. આના કારણે ભારે ખળભળાટ મચી ગયો છે. હુમલાના કારણે નારાજ ભારતીય સેનાએ કહ્યુ છે કે આ પ્રકારના હુમલાનો બદલો લેવામાં આવનાર છે. સેનાએ સ્નાઈપર ઓપરેશનની તુલના જવાનોના મનોબળને તોડી પાડવા માટેના કૃત્ય તરીકે ગણાવીને આની નિંદા કરી છે. ભારતીય સેવાએ કહ્યુ છે કે આનો બદલો લેવામાં આવનાર છે. કાશ્મીરના કુપવાડા જિલ્લામાં હુમલામાં સેનાના બે જેસીઓ શહીદ થયા હતા. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે એલઓસી પર જવાનો અને કમાન્ડોના હુમલાના કારણે પરેશાની વધી રહી છે. હવે ભારતીય સેના શહાદતનો બદલો લેવા માટે તૈયાર છે. જો કે બદલા માટે સમય અને જગ્યા ભારતીય સેના દ્વારા નક્કી કરવામાં આવનાર છે. ભારતીય સેનાને ગુપ્ત રીતે ટાર્ગેટ પાકિસ્તાની સેના દ્વારા વારંવાર કરવામાં આવે છે. ત્રાસવાદીઓને દેશમાં ઘુસાડી દેવાના હેતુથી એક પછી એક હુમલા પાકિસ્તાન દ્વારા સરહદ પર કરવામાં આવે છે. જવાનોના ધ્યાનને ભંગ કરીને ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના પ્રયાસ કરવામાં આવે છે. જો કે આ વર્ષે મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે.

સેનાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, એલઓસી પર જવાનો અને કમાન્ડરોના સ્નાઈપિંગ, મોર્ટાર, લાઈટ આર્ટીલરી અને એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલના ઉપયોગથી વધારે ભય જાગે છે. આવી સ્થિતિમાં ભારતીય સેના પોતાના જવાનોની શહાદતનો બદલો લેવા માટે તૈયાર છે. એક બાબત એવી પણ છે કે, સેનાની પાસે હજુ રશિયન બનાવટની જુની ૭૬૨ એમએમ ડ્રેગનોવ સેમિ ઓટોમેટિક સ્નાઈપર રાયફલ છે. આની રેંજ ૮૦૦ મીટર છે. ૧૯૬૦ના દશકમાં આની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. સેનાના જવાનો આ પ્રકારની સ્નાઈપર રાયફલ ઈચ્છે છે જેની ક્ષમતા ૧૨૦૦ મીટરની છે. સેના માટે સ્નાઈપર રાયફલનો પ્રોજેક્ટ મંજુર કરી લેવામાં આવ્યો છે. આના ઉપર ૯૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

# ભારતરત્ન વાજપેયીના જન્મદિવસે દેશભરમાં સ્મરણાંજલિ અપાઈ

નવી દિલ્હી,તા. ૨૫

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને આજે તેમના જન્મદિવસ પર યાદ કરવામાં આવ્યા હતા. વાજપેયીને શ્રદ્ધાંજલિ સ્વરૂપમાં કેટલાક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. વાજપેયીના જન્મદિવસની ઉજવણી સુશાસન દિવસ તરીકે પણ કરવામાં આવે છે. વાજપેયીના યશસ્વી અને તેજસ્વી વ્યક્તિત્વને દેશના લોકો ક્યારેય ભુલી શકશે નહીં. તેમનાથી લોકોને હમેંશા પ્રેરણા મળતી રહેશે. વિરોધી લોકો પણ વાજપેયીને સાંભળી લેવા માટે હમેંશા ઉત્સુક રહેતા હતા. શબ્દના



**વાજપેયી હમેંશા તમામ માટે પ્રેરણા સમાન રહેશે : તેમનુ તેજસ્વી વ્યક્તિત્વ હમેંશા માર્ગદર્શન આપશે**

● અનુસંધાન પાન-૭ પર








